साहित्य मंथन
भारते भातु भारती
# Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-3, Continuous Issue-19, May - June 2023

# ઝવેરચંદ મેઘાણીની પ્રાદેશિક નવલકથા:' સોરઠ, તારાં વહેતાં પાણી '

' સોરઠ, તારાં વહેતાં પાણીમાં'ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રની અલગ અલગ કોમો ની અજબ કથા કહે છે. અજબ જેવી છે આ કાઠીયાવાડી કોમ, સોરઠ તારા વહેતા પાણીનું આ યથાર્થ વર્ણન છે. આ વિશિષ્ટ નવલકથામાં વિવિધ કાઠીયાવાડી કોમોનું સરસ ચિત્રણ થયું છે. મેઘાણી રોમેન્ટિક લેખક છે અને એનો પરિચય કૃતિમાં થાય છે. સોરઠ, તારાં વહેતાં પાણી' દસ્તાવેજ ચિત્ર ઉપરાંત માણસાઈના દીવા છે

"નાયક નહિ, નાયકા નહીં; પ્રેમ નો ત્રિકોણ નહીં: એવી આ સોરઠી જીવનની જન કથા છે. એ કથામાં નાયક આખો જન સમાજ છે. ગયા બેદાયકા ઓળંગી ને તમે સોરઠના સીમાડા પર ઉભા રહેશો તો તે પૂર્વેના વિશેક વર્ષની પોતાના પ્રવાહમાં ઝીલીને વહેતું આ કથાનું વહેણ તમે સ્વચ્છ જોઈ શકશો. એવી કેટલીક જીવતી વ્યક્તિઓ આ કથા ના પાત્રમાં પોતાની છાયા પાડે છે. બીજા કેટલાક એવા પાત્રો છે કે જેમને કોઈ વ્યક્તિ વિશેષ પરથી નહિ પણ સોરઠી સમૂહજીવનની સાચી માટીમાંથી ઘડી કાઢવાનો મારો પ્રયત્ન છે. આ પતા ને તો ઇતિહાસ કથા લેખે જ આલેખી છે. ઇતિહાસ વ્યક્તિઓનો છે. અને નથી રે; પણ સમષ્ટીનો ઇતિહાસ તો છે. ઇતિહાસ જેમ વિગતોનો હોય છે તેમ વાતાવરણને પણ હોઈ શકે છે. અથવા વિગતો કરતા પણ વાતાવરણની જરૂર ઇતિહાસમાં વધારે છે.

લેખક ને અભિપ્રેત એવી આ ' ઇતિહાસ કથા' માં વાતાવરણનો ઇતિહાસ છે. વિશિષ્ટ વ્યક્તિઓ અને વિગતોને તેમને ગાળી નાખી છે વાતાવરણનો સ્પર્શ ઝીલવાનો તેમને પ્રયત્ન કર્યો છે. આ કૃતિમાં તળપદા જીવનમાં ચિત્ર આવતા હોય વિવેચકો આને પ્રાદેશિક નવલકથા કહે છે. નવલકથાનો આરંભ જ સનસનાટી ભર્યો પ્રસંગથી થાય છે. મહિપતરામ જમાદાર ગાડા વાપી જઈ રહ્યા હતા. ત્યારે માર્ગમાં પસાયતાની વાત પ્રસ્તુત કરી સોરઠમાં કાઠીનું કેવું જોર છે બતાવ્યું છે.

સમગ્રતયા કૃતિમાં આ વટના કટકા જેવી કાઠી કોમની બહાદુરીઓ ની ક્યારેક સમર્પણ ,બલિદાન અને મર્દાનગી વણવાઈ છે. પ્રાદેશિક ભૂમિ ભાગોનું વર્ણન પણ એમાં પ્રવેશેલું છે. એક તરફ સોરઠનો લેખક જેને જીવાતુ ભૂત તત્વ માને છે તે આ અને સાથે જેટલું અન્ય સમાજ પ્રવેશી શકે છે.તેટલો તેમણે સમાવેશ કરો છે.

નવલકથામાં સાદ્યંત પાત્ર આવતું હોય તો તે પિનાકી નું છે. મહિપતરામ ના પાત્રને પણ મૂકવાનો લેખકે પ્રયત્ન કર્યો છે, કાઠીયાવાડી કોમો એમના મનમાં આગળ પડતી હોય વચ્ચે વચ્ચે એ કેન્દ્રમાંથી ખસી જાય છે અને એમના મૃત્યુ પછી તો લગભગ નામશેષ થઈ જાય છે, સમગ્ર રચનામાં એક પછી એક આવતા આવા પ્રસંગ વર્ણનો રુચિકર નિવડા છે. કેટલાક ચિત્રો નીચે પ્રમાણે છે.

ટાઢીબોળ થઈ ગયેલી સુવાવડમાંથી તાજી ઉઠેલી નંદુ ને સીપારણ હોશ માં લાવે છે.એ સમયનુ એનું વર્ણન આ પાત્રના વ્યક્તિત્વને કેવો ઉઠાવ આપે છે.: ઊંચી ઓસરી ઉપર એક સ્ત્રી દેખાય. ભાણાએ એને દીઠી,પણ એ કોઈ શેઠાણી નહોતી.હરિકેન ફાનસના અજવાળે એના સોટા જેવો દેહ ઘેરદાર મોટા ઘાઘરાને મોજાં ચડાવતો હતો. એના હભાથમાં કાચની બંગડીઓ બોલીઊઠી. બંગડીઓ જાડી હતી.એને ફરતા,ફૂડાળે ગંજિપાની 'ચોકડી' આકારના પીળા હીરા હતાં. જુના કાળમાં આ જગમગિયા કાચ હીરા નામે ઓળખાતા.

અતલસનુ તસતસતું કપડું, ઉપર આછી ચુંદડી ને ઘેર ઝુલાવ તો ઘાઘરો, તેમની વચ્ચે સહેજ ભીનાવરણુ સોબર મોં જોતાં જ લાગે કે કાં તો ઇદ રમીને કાં તાજિયા ના ચોકારા ફૂટી ને સીધી કોઈ સીપારણ અહીં ચાલી આવેલી છે.

ફકીર નો વેશધારી મહિપતરામ ઝુલેખા ને જોઈ આવે છે અને ભાવરને સમાચાર આપે છે, મહિપતરામ ગોરા સાહેબનું ખાણું બગાડે છે. બહારવટીયા લખમણના હાથમાં બંદૂક આપતી બેન

સિપારણના મુકદમાનો પ્રસંગ, પિનાકી દેવુબાને મળવા જાય છે એ ઘટના, પુષ્પા સાથેનો પિનાકી નો પરિચય, ભ્રષ્ટ પુષ્પા સહિત પિનાકી ને અપનાવતા શેઠ નો પ્રસંગ, આવા તો ઘણા પ્રસંગો તાદ્રશ રીતે આલેખાયા છે. લેખક ની રંગદર્શીતાને અહીં અવકાશ સાંપડ્યો છે એક તરફ જાનપદી કથાના તત્વો ગુથી લેવા એ સાથે સૌરાષ્ટ્રના તત્કાલીન સમાજનું ચિત્ર આપવું એમ કરતા કરતા ગાંધીજીના આગમનથી દેશમાં આવેલી નવી જાગૃતિનું ચિત્ર પણ આપવું એવો આશય લેખકે રાખ્યો લાગે છે. વાસ્તવદર્શીતાની સામે રંગદર્શીતા મોરચો માંડયો હતો ત્યારે આખો કલાપિન્ડપીખાઈ જાય છે.

ગાંધીજીને દક્ષિણ આફ્રિકાથી આવે 20 વર્ષ થયા હતા. ગાંધી પ્રભાવનું ચિત્ર આપવાની લેખકની ભાવના છે. જુદા જુદા અભિગમો ભેળસેળ થવાથી કૃતિનું કાઠું જેવું બંધાવું જોઈએ તેવું બંધાતું નથી. ગાંધીજી નો ઉલ્લેખ કૃતિમાં આવે છે. એક જગ્યાએ કહ્યું છે ગાંધીજીના આવવાની સાથે જ દેશમાં નવી લહેરો આવી હતી સત્યાગ્રહ શબ્દ ઘર ઘરને ઉંબરે આથલતો હતો એકાદ છોકરોતો મૂંડા તો હતો કોઈપણ વાતમાં પોતાનું ધાર્યું ન થતાં અગાઉ છોકરા રીસાતા ઉપવાસ કરતા સત્યાગ્રહ એ રિસામણા નું નવું સંસ્કાર નામ બન્યું હતું ગાંધીજી એ પોતાનું કાર્ય શરૂ કર્યું ત્યારે હિન્દુસ્તાનની જે સ્થિતિ હતી એ બ્રિટીશ અમલની જોહુકમી દેશી રાજ્યોની સ્થિતિ વ્યાપક બનેલી બેઠેલી પથા , પિનાકી સંદર્ભે શિક્ષણની પરિસ્થિતિ વગેરે દ્વારા બતાવ્યું છે. એમાં જન સમાજમાં આવવા માંડેલી જાગૃતિ અભણ લોકોના પર માનસ, યુદ્ધ વિરામ ના કારણે પાછા પડેલા અને સુરેન્દ્રદેવ જેવા રાષ્ટ્રપ્રેમી રાજાના ચિત્ર દ્વારા બતાવવાનો પ્રયત્ન થયો છે વિશ્વ યુદ્ધ નો આખો સંદર્ભ આપી બહારવટીયા ઉપરાંતના સમાજને દાખલ કરવાનો લેખકે પ્રયત્ન કર્યો છે પણ આ ચરિત્ર ચિત્રણ પૂરતો ઉઠાવ પામી શકાતું નથી લેખકના મનમાં પ્રધાન પણ સોરઠના બારવટીયા અને કાઠી કોમ જ છે. રૂખડ વાણિયો, સુમારીઓ લખમણ પટગર, રૂખડ ની સ્ત્રી આ ચાર ની કથા જ સમગ્ર કૃતિને છાઈ રહે છે.


સંદર્ભ ગ્રંથો:

(૧) ગુજરાતી કથા વિશ્વ નવલકથા સં. બાબુ દાવલપરા,નરેશ વેદ

(૨) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા લેખક ધીરુભાઈ ઠાકર

(૩) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ: ૪ ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ.

(૪) ‘સોરઠ, તારાં વહેતાં પાણી'લેખક ઝવેરચંદ મેઘાણી.

(૫) ગુજરાતી નવલકથા લેખક રઘુવીર ચૌધરી.


---


સંજયકુમાર બાબુભાઈ કામળીયા

પીએચ.ડી (ગુજરાતી )